# ઉનાળામાં ખવાતા બરફગોળા હાનિકારક

## ફૂડ કલર સેકરીન પ્રિઝરવેટીવ ઉમેરવાની ચોક્કસ મર્યાદાનો ઉલ્લંઘન કરવામાં આવે તો શરદી, ગળું પકડાવું જેવી સમસ્યા થાય છે






ગાંધીનગર, તા.૦૯

ગરમીનો પારો ૪૦ સુધી પહોંચી ચૂક્યો છે, ઘરની બહાર નીકળતા પહેલા વિચાર કરવાની સ્થિતિ સર્જાઈ છે ત્યારે હવે લોકો ગરમીથી બચવા અને ઠંડક મેળવવા માટે આઈસ્ક્રિમ, કુલ્ફી કે બરફ ગોલાનો આશરો લઈ રહ્યા છે. શહેરામાં બપોરના રાતના સમયે બરફગોળાની લારીઓ અને ભારે ભીડ જોવા મળી રહી છે આ સાથે જ આઈસક્રીમ ના વેંચાણમાં વૃદ્ધી નોંધાઈ છે. ઉનાળાની શરૂઆત થતા જ લોકો રંગબેરંગી, વિવિધ ટેસ્ટના આઈસ ગોલા ખાવા માટે દોડી જતા હોય છે. અલગ અલગ ફ્લેવર ધરાવતા આ આઈસ ગોલા નાનાથી લઈ મોટા દરેકને પસંદ પડતા હોય છે. ઉનાળાના સમયમાં ખાસ કરીને શાળાઓની બહાર આવી આઈસ ગોલાની લારીઓ જોવા મળતી હોય છે. જો તમે પણ આઈસ ગોલા ખાવાના શોખીન હોવ તો તમારે ચેતી જવું જોઈએ. એક્સપર્ટનુ માનવું છે કે, સ્વાદમાં ખૂબ જ સારા લાગતા આઈસ ગોલા સ્વાસ્થ માટે ખૂબ જ નુક્શાનકારક હોય છે. બરફના ગોલા માટે ઉપયોગમાં લેવાતા બરફ, કલર અને ખાંડને ખૂબ જ ખરાબ ગુણવત્તાના ગણાવ્યા છે. તેમના મત મુજબ આ વસ્તુઓ સ્વાસ્થ માટે ગંભીર રીતે હાનિકારક બની શકે છે. આ સિવાય તડકામાં ઉભા રહીને અથવા ચાલતા ચાલતા ગોલા ખાવા પણ સ્વાસ્થ માટે બિલકુલ સારું નથી. આવું કરવાથી શરીરના તાપમાનમાં અચાનક ફેરફાર થાય છે. આ ગોલાના રંગ બનાવવા માટે વપરાતા ફલેવર, કલર અને ખાંડની ગુણવત્તા ની ચકાસણી કરવી જોઈએ. આઈસ ગોલા માટે ઉપયોગમાં લેવાતા બરફને ગંદા પાણીમાંથી બનાવવામાં આવે છે. જે કમળો, હેપેટાઈટિસ અ, ફીવર, ફ્લૂ અને અન્ય ઘણી સ્વાસ્થ સમસ્યાઓનુ કારણ બની શકે છે. ઉનાળામાં દર વર્ષે સરેરાશ ૧૦૦ જેટલા બાળકો બીમાર પડે છે અને તેની પાછળનુ મુખ્ય કારણ આઈસ ગોલા હોય છે. આઈસ ગોલા સાથે ઘણા સ્વાસ્થ જોખમો સંકળાયેલા છે કોઈપણ ખાદ્ય ચીજવસ્તુમાં ફૂડ કલર, સેકરીન અને પ્રિઝર્વેટિવ્સ ઉમેરવાની ચોક્કસ મર્યાદા અગાઉથી નક્કી છે અને તેનું ઉલ્લંઘન કરનાર વેપારી સામે કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ. તેથી આ રસ્તાની બાજુમાં ઠેર ઠેર મળતા આ આઈસ ગોલાની પાણી, કલર અને ગુણત્તા જોઈને સૌ કોઈએ ગોલા ખાવા જોઈએ.

# સેક્ટર-૫ના બગીચામાં મ્યુ.કમિશનરની મોર્નિંગ વોક

## વરિષ્ઠ નાગરિકોને મળી સેક્ટર તેમજ શહેરની સમસ્યાઓ અંગે માહિતી મેળવી



ગાંધીનગર, તા.૯

ગાંધીનગર મહાનગર પાલિકાના કમિશનર જે એન વાઘેલાએ આજે સેક્ટર-૫ના જાહેર બગીચામાં પોતાના ધર્મપત્નિ સાથે મોર્નિંગ વૉક કરવા સાથે સેક્ટરના સિનિયર સિટિઝન્સની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન સેક્ટરના વરિષ્ઠ નાગરિકો દ્વારા બગીચામાં અપુરતી સુવિધાઓ અંગે રજુઆત કરવામાં આવી હતી તથા બગીચામાં કામ કરતા કર્મચારીઓને એજન્સી દ્વારા દર માસે મળવાપાત્ર પગાર મહેનતાણું સમયસર ચુકવવામાં આવતું નથી તે નિયમિત રીતે ચુકવાય તેવી વ્યવસ્થા ગોઠવવા અંગે પણ અગ્રણી કેશરીસિંહ બિહોલા દ્વારા ધ્યાન દોરવામાં આવ્યું હતું.

આ સાથે સેક્ટર-૫ના બગીચામાં પુરતી સુવિધાઓ પ્રાપ્ત થાય તેવી વરિષ્ઠ નાગરિકોની રજુઆતને મ્યુનિસિપલ કમિશનરે ધીરજપૂર્વક સાંભળીને તે અંગે યોગ્ય કરવા ખાત્રી આપી હતી. આ ઉપરાંત સેક્ટર ૫ ખાતે સવારે નિયમિત સિનિયર સિટીઝનો દ્વારા ચાલતા યોગ પરિવારના સભ્યોની પણ મ્યુ. કમિશનરે મુલાકાત લીધી અને તેમની પાસેથી સેક્ટરની સમસ્યાઓની જાણકારી મેળવી હતી.અનેનિખાલસ ચર્ચાઓ કરવામાં આવી તેમજ સેક્ટરની કેટલીક પ્રવૃત્તિઓ જાણી પ્રભાવિત થયા અને સિનિયર સિરીઝનોને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી. સેક્ટર ૫ વસાહત મંડળ અને યોગ પરિવારએ મ્યુ.કમિશનર તથા તેમના ધર્મપત્મિનું સ્વાગત કરીને આવકાર્યા હતા.

# ખેલમાં પારિવારિક ભાવનાથી પણ આગળ વધીએ : કુબેરભાઈ ડીંડોર

## એકાર્થ જીસીએફ કપ ક્રિકેટ ટુર્નામેન્ટનું ભવ્ય સમાપન : લેધર બોલમાં ટીમ ગાંધીનગર કોલ્ટ્ઝ ચેમ્પિયન અને ટેનિસ બોલમાં ગાંધીનગર પાયથન ટીમ ચેમ્પિયન : તમે ૧૮ દિવસ સુધી મોબાઇલ-ટીવી ત્યજીને મેદાનમાં આવ્યાં તે મોટી વાત : રીટાબેન પટેલ : આઇપીએલમાં પણ શહેરના ખેલાડીઓ હોય તેવા ઉજ્જવળ ભવિષ્યનું લક્ષ્ય : કૃષ્ણકાંત જહા






### એકાર્થ જીસીએફ ટુર્નામેન્ટની હાઇલાઇટ્સ

**લેધર બોલ ટુર્નામેન્ટ**
વિજેતાઃ ગાંધીનગર કોલ્ટ્ઝ ટીમ
રનર્સ અપઃ ગુજરાત પોલીસ ટીમ
મેન ઓફ ધ સિરિઝ : હર્ષ પટેલ (કેએસવી ટીમ)
બેસ્ટ બેટ્સમેન : ક્ષિતિજ પટેલ (કોલ્ટ્ઝ ટીમ)
બેસ્ટ બોલર : જયવીરસિંહ (કોલ્ટ્ઝ ટીમ)

**ટેનિસ બોલ ટુર્નામેન્ટ**
વિજેતાઃ ગાંધીનગર પાયથન ઈલેવન
રનર્સ અપઃ કષ્ટભંજન ઈલેવન
મેન ઓફ ધ સિરિઝ : હર્ષ પટેલ (પાયથન ટીમ)
બેસ્ટ બેટ્સમેન : હર્ષ પટેલ (પાયથન ટીમ)
બેસ્ટ બોલર : ભાવિક પંડ્યા (પાયથન ટીમ)

ગાંધીનગર, તા.૦૯

"મહાભારતનું યુદ્ધ પણ ૧૮ દિવસ ચાલ્યું હતું અને આ ટુર્નામેન્ટ પણ ૧૮ દિવસ ચાલી છે અને ૧૮ના દિવસે પરિણામ આવ્યું છે. આપણે યાદ એ રાખવાનું છે કે ખેલ પરિવારની ભાવનાથી રમાય છે, પારિવારિક ભાવનાથી પણ આપણે આગળ વધીએ." રાજ્યના શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીંડોરે ગઈકાલે રાત્રે કલ્ચરલ ફોરમ આયોજિત એકાર્થ જીસીએફ કપ ક્રિકેટ ટુર્નામેન્ટના સમાપન સમારોહમાં મુખ્ય અતિથિ પદેથી ખેલાડીઓને પ્રોત્સાહિત કરતાં જણાવ્યું હતું.

એકાર્થ જીસીએફ કપ ક્રિકેટ ટુર્નામેન્ટમાં લેધર બોલમાં ગાંધીનગર કોલ્ટ્ઝ ટીમ ચેમ્પિયન અને ગુજરાત પોલીસ ટીમ રનર્સ અપ જ્યારે ટેનિસ બોલમાં ગાંધીનગર પાયથન ઈલેવન ચેમ્પિયન અને કષ્ટભંજન ઈલેવન રનર્સ અપ બની હતી. બંને વિજેતા ટીમને ટ્રોફી સાથે એક એક લાખ અને રનર્સ અપ ટીમને પચાસ પચાસ હજારનું ઈનામ આપવામાં આવ્યું હતું. તમામ વિજેતા ટીમને શિક્ષણમંત્રી કુબેરભાઈ ડીંડોરના હસ્તે ટ્રોફી એનાયત કરાઈ હતી.

એકાર્થ જીસીએફ કપ ક્રિકેટ ટુર્નામેન્ટના સમાપન સમારોહમાં અતિથિ વિશેષ પદે ઉપસ્થિત ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠકના ધારાસભ્ય રીટાબેન પટેલે ખેલાડીઓને અભિનંદન આપવા સાથે જણાવ્યું કે "હારજીત તો રમતનો એક ભાગ છે, રમતનું મહત્વ બૌધ્ધિક અને શારિરીક પણ છે જે સમજીને તમે ૧૮ દિવસ સુધી મોબાઈલ-ટીવી ત્યજીને મેદાનમાં આવ્યાં તે મોટી વાત છે. ક્રિકેટ એવું માધ્યમ છે જે યુવાનોને એક કરી શકે છે."

એકાર્થ જીસીએફ કપ ક્રિકેટ ટુર્નામેન્ટના આયોજક ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાંત જહાએ મહેમાનો, ખેલાડીઓ અને આયોજનમાં મદદરૂપ થનાર સૌ કોઈનો આભાર માનતા જણાવ્યું હતું કે "એકાર્થ જીસીએફ કપમાં છેલ્લાં ૧૮ દિવસમાં ૪૫ મેચ રમાઈ છે. સંપૂર્ણ ખેલદિલીપૂર્વક રમવા બદલ તમામ ખેલાડીઓને અભિનંદન. અમારું લક્ષ્ય ગાંધીનગરના ક્રિકેટને વધુ પ્રોત્સાહન આપીને વિશ્વ કક્ષા સુધી લઈ જવાનું છે, આઈપીએલમાં પણ આપણાં ખેલાડીઓ હોય તેવા ઉજ્જવળ ભવિષ્ય સુધી શહેરના ક્રિકેટને લઈ જવું છે."

અત્રે ઉલ્લેખનીય છે કે ગઈ કાલે રમાયેલી એકાર્થ જીસીએફ કપ ક્રિકેટ ટુર્નામેન્ટની લેધર બોલની ફાઈનલ મેચમાં લેધર બોલમાં ગાંધીનગર કોલ્ટ્ઝ ટીમ ચેમ્પિયન અને ગુજરાત પોલીસ ટીમ રનર્સ અપ બની હતી અને ટેનિસ બોલની રસાકસીપૂર્ણ ફાઈનલ મેચમાં ગાંધીનગર પાયથન ઈલેવન ચેમ્પિયન અને કષ્ટભંજન ઈલેવન રનર્સ અપ બની હતી.

# રાજ્યમાં કોરોનાના માત્ર ૨૨ કેસ નોંધાયા

## ગુજરાતમાં કોરોનાના વળતાં પાણી : એક્ટિવ કેસની સંખ્યા ૩૬૮ એ પહોંચી છે, જ્યારે કોરોના રિકવરી રેટ ૯૯.૧૧ ટકા થયો છે

અમદાવાદ, તા.૯

ગુજરાતમાં કોરોનાના કેસોમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. જેમાં ૦૯ મેના રોજ કોરોનાના નવા ૨૨ કેસ નોંધાયા છે.

જ્યારે કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૫૦૦ની અંદર આવી છે. એક્ટિવ કેસની સંખ્યા ૩૬૮એ પહોંચી છે.

જેમાં અમદાવાદમાં ૦૭, વડોદરામાં ૦૪, સુરતમાં ૦૭, મહેસાણામાં ૦૨, અમરેલીમાં ૦૧, કચ્છમાં ૦૧, કેસ નોંધાયો છે. જ્યારે કોરોના રિકવરી રેટ ૯૯.૧૦ ટકા થયો છે. તેમજ કોરોનાથી આજે ૧૦૭ દર્દી સાજા થયા છે.

આ દરમ્યાન છેલ્લા ત્રણ વર્ષથી કોરોના સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી રહ્યો છે. આ ખતરનાક ચેપને કારણે કરોડો લોકોના મોત પણ થયા છે.

કોવિડ ૧૯ ના વિવિધ પ્રકારોને કારણે, આ ચેપ ખૂબ જ ખતરનાક બની ગયો હતો. વિશ્વ આરોગ્ય સંસ્થાએ વૈશ્વિક ખતરો અને રોગચાળો જાહેર કર્યો હતો.

હવે આ રોગચાળાને લઈને એક રાહતના સમાચાર છે. WHOએ કોરોનાને ગ્લોબલ હેલ્થ ઈમરજન્સીની યાદીમાંથી હટાવી દીધો છે.

સરળ શબ્દોમાં કહીએ તો, કોરોના રોગ હવે વૈશ્વિક કટોકટી નથી.

જો કે WHOએ હજુ સુધી આ રોગચાળાના અંતની જાહેરાત કરી નથી, પરંતુ તેણે સ્વીકાર્યું છે કે હવે કોવિડને કારણે કોઈ કટોકટીની સ્થિતિ નથી. એટલે કે, આ રોગ રહેશે, પરંતુ તેના કારણે મૃત્યુનો કોઈ ભય નથી.

એટલે કે, હવે કોવિડને આંતરરાષ્ટ્રીય સ્તરે તે જ જોખમ નથી, જે પહેલા હતું, જોકે હજી પણ વાયરસને લઈને સાવધ રહેવાની જરૂર છે.

જાન્યુઆરી ૨૦૨૦ માં, WHO એ કોરોનાને વૈશ્વિક આરોગ્ય કટોકટી જાહેર કરી. તે દરમિયાન તમામ દેશોને આ રોગથી બચવા અને તેના સંક્રમણને રોકવા માટે કહેવામાં આવ્યું હતું.

WHOમાં સામેલ તમામ ૧૯૬ દેશોએ કોવિડથી બચવાના માર્ગદર્શિકાનું પાલન કરવું પડ્યું હતું. જો કે, હવે તેને વૈશ્વિક સ્વાસ્થ્ય કટોકટી તરીકે સમાપ્ત માનવામાં આવે છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર
દર ગુરૂવારે અને રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

# વિસનગર ખાતે યોજાઈ અંગદાન જાગૃતિ રેલી, ૮૦૦થી વધુ લોકો જોડાયા

વિસનગર, તા.૯

અંગદાનની જાગૃતિ માટે સાંકળચંદ પટેલ યુનિવર્સિટી વિસનગર તેમજ કે. ડી. હોસ્પિટલ અમદાવાદના સહયોગથી વિસનગર ખાતે અંગદાન જાગૃતિ માટેની વોકાથોન યોજાઈ હતી. સાંકળચંદ પટેલ યુનિવર્સટીના ૭માં ફાઉન્ડેશન દિવસની ઉજવણીના ભાગરૂપે નૂતન વિદ્યાલય વિસનગરથી સાંકળચંદ પટેલ યુનિવર્સિટી સુધી પગપાળા રેલી યોજી અંગદાન અંગે જાગૃતિ માટે વિશાળ રેલી કાઢવામાં આવી હતી. કે.ડી ફાઉન્ડેશન અને સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે સાંકળચંદ પટેલ યુનિવર્સટીના ૭માં સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે નૂતન વિદ્યાલય વિસનગરથી સાંકળચંદ પટેલ યુનિવર્સિટી સુધી પગપાળા રેલી યોજી હતી. આ રેલીમાં અંગદાન , સ્વચ્છતા , વ્યસન મુક્તિ , કુરિવાજ અને સ્વાસ્થ્ય અંગેની વિશેષ જાગૃતિ માટેની વિશાળ રેલી કાઢવામાં આવી હતી. આ વોકથોનનું પ્રસ્થાન કે.ડી હોસ્પિટલના સી.ઓ.ઓ. ડૉ. પાર્થ દેસાઈ, સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના પ્રમુખ પ્રકાશ પટેલ દ્વારા રેલીનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં ૮૦૦થી વધારે લોકો જોડાયા હતા. દિલીપભાઈ દેશમુખ દ્વારા ઓર્ગન ડોનેશન વિશેની માહિતી આપી હતી. તેમણ કહ્યું કે, જીવનની સલામતી અને સ્વાસ્થ્યની કાળજી જાળવવા માટે પણ માર્ગદર્શન આપ્યું હતું. ઓર્ગન ડોનેશન શા માટે કરવું જોઈએ તે અંગે વિશેષ માહિતી આપી હતી. પોતાના માટે તો સૌવ જીવે છે પણ અન્ય માટે ઘણા પરિવારને નવ જીવન આપવા માટે જીવવાની વિનંતિ કરી હતી. ડૉ. કમલ ગોપલાની (નેફ્રોલોજિસ્ટ , કે.ડી. હૉસ્પિટલ) એમને ટ્રાન્સપ્લાન્ટ વિશેની માહિતી આપી હતી.

# દંપતીને ઓનલાઈન એપ્લિકેશન મારફતે લોન લેવાનું મોંઘું પડ્યુ

અમદાવાદ, તા.૯

બાપુનગરમાં રહેતાં ખુશબૂ ઠક્કરે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ફરિયાદ કરી છે. ખુશબૂ ઘેરબેઠાં ટ્યૂશન ક્લાસીસ ચલાવે છે. ખુશબૂને પૈસાની જરૂરિયાત હોવાથી તે એક એપ્લિકેશનમાંથી લોન લેવાનું વિચારતી હતી, જેથી ખુશબૂએ એપ્લિકેશન ડાઉનલોડ કરી હતી. ખુશબૂએ મોબાઈલમાં ફેસબુક પર સર્ફિંગ કરતાં Cashpitઅ નામની એપ્લિકેશન ધ્યાનમાં આવતાં તે એપ ડાઉનલોડ કરી. આ એપ ડાઉનલોડ કરતાં Coolrupee, Walma finance, HotBotloan app, Trade cash app અન્ય ચાર આપમેળે ડાઉનલોડ થઈ ગઈ હતી. Cashpity ડાઉન લોડ કરતી વખતે તેમનો જ મોબાઈલ નંબર આપ્યો હતો. ત્યાર બાદ આ એપ્લિકેશનમાંથી એપ્રિલ મહિનાની ૨૫ તારીખે ૪,૫૪૯ રૂપિયા, ૨૬ તારીખે Coolrupee loan appમાંથી ૨,૨૭૪, ૨૯ તારીખ Walma finance લોનની એપમાંથી ૪,૫૫૦ રૂપિયાની લોન લીધી હતી. આ ઉપરાંત ખુશબૂના પતિ તેજસભાઈ સુરેશભાઈના ફોન પરથી HotBot નામની એપ્લિકેશન ડાઉનલોડ કરી ૩૦ તારીખના રોજ ૬,૮૨૫ રૂપિયાની લોન લીધી હતી. આ તમામ એપમાંથી લોનના રૂપિયા બેક્ક ઓફ ઈન્ડિયાના તેમના ખાતામાં જમા થયા હતા.

## દંપતી અજાણી એપ પરથી લીધી ૧૮૦૦૦ની લોન : અજાણ્યા શખ્સોએ કડક ઉઘરાણી કરી દંપતીના ફોટો મોર્ફિંગ કરી ન્યૂડ ફોટા બનાવી વોટ્સએપ પર મોકલી બ્લેકમેલ કર્યા હોવાની ઘટના સામે આવી

ખુશબૂ અને તેના પતિએ જુદી જુદી એપ મારફતે લોન લીધી હતી. લોન લીધા બાદ તેમના પર ફોન આવવા લાગ્યા કે તમે મારા ખાતામાં પૈસા જમા કરાવો, નહીં તો તમારા કોન્ટેક્ટ નંબર પર ન્યૂડ ફોટાઓનું મોર્ફિંગ કરી તમને મોકલી આપીશ અને તમને બદનામ કરી દઈશ.